## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




તમારી એ માન્યતા ખોટી છે કે કેરી ખાવાથી હું જાડી થાઉં છું, એ વિચારો કે શિયાળામાં હું ક્યાં કેરી ખાઉ છું... તો પણ શિયાળામાં આટલી જ જાડી થાઉં છું...

# શહેરમાં તબીબોની પ્રતિક હડતાલ

## સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં તબીબોની ગેરહાજરીથી દર્દીઓને ભારે હાલાકી

ગાંધીનગર, તા.૧૭ પ્રશ્ચિમ બંગાળના કોલકતામાં ગત તા. ૧૧ જુનના રોજ એનઆરએસ મેડીકલ કોલેજમાં ડોકટરને માર મારવાની ઘટના બનવા પામી છે. આ ઘટનાને લઈ પ્રશ્ચિમ બંગાળના ડોકટર તે દિવસથી વિવિધ માંગણીઓ અને ન્યાય માટે હડતાલ પર ઉતરી ગયા છે. ત્યારે તેમના સમર્થનમાં ઈન્ડિયન મેડીકલ એસોસિએશન દ્વારા તા.૧૭ જુનના રોજ સમગ્ર ભારતભરમાં ૨૪ કલાક માટે હડતાલની જાહેરાત કરી હતી. જેથી આજે રાજયભરના અંદાજીત ૨૮ હજાર ડોકટર કામગીરીથી અળગા રહ્યા હતા. જેને પગલે ગાંધીનગર આઈ.એમ.એ.ના ડોકટર પણ હડતાલમાં જોડાયા હતા. તે ઉપરાંત ગાંધીનગર શહેર અને જિલ્લાના ડોકટરો પોતાની કામગીરી બંધ રાખી હતી. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ડોકટર્સ અને પ્રોફેસરો આ હડતાલમાં જોડાઈને કામગીરીથી દુર રહ્યા હતા. જેને અનુલક્ષી સિવિલની ઓપીડી સેવા બંધ રહી હતી તો બીજી તરફ મેડીકલ કોલેજનો અભ્યાસ ક્રમ પણ બંધ રહ્યો હતો. આ હડતાલને પગલે દર્દીઓની હાલત કફોડી બની જવા પામી હતી.પરંતુ સિવિલના તાત્કાલીક સારવાર વિભાગમાં સગર્ભા મહિલાઓ અને અકસ્માતમાં ઘાયલ દર્દીઓ માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. સિવિલમાં ઈમરજન્સી અને અકસ્માત સેવા કાર્યરત રાખવામાં આવી હતી.









પ્રશ્ચિમ બંગાળના કોલકતામાં ડોકટર પર થયેલા જીવલેણ હુમલાની ઘટનાના પડઘા સમગ્ર ભારતભરમાં પડ્યા છે. એનઆઈએ દ્વારા આપવામાં આવેલા બંધના એલાનમાં રાજયભરના તબિબો જોડાયા હતા. ત્યારે ગાંધીનગર શહેર અને જિલ્લાના તબિબો જોડાયા હતા. ગાંધીનગર મેડીકલ કોલેજના પટાંગણમાં સવારથી તબિબિ વિદ્યાર્થીઓ ડોકટરની સુરક્ષા અને ન્યાય માંગણી સાથેના પ્લેકાર્ડ સાથે નજરે પડ્યા હતા. જયારે ડોકટરોની મુખ્ય માંગણીઓમાં દરેક હોસ્પિટલ સીસીટીવી કેમેરાથી સજ્જ હોવી જોઈએ, દરેક હોસ્પિટલમાં સશસ્ત્ર ગાર્ડ તૈનાત કરવામાં આવે, તેમજ હોસ્પિટલની સુરક્ષા ત્રણ લેયરમાં હોવી જોઈએ, ડોકટર પર થતા વારંવાર થતા હુમલાને પગલે કેન્દ્ર સરકાર દ્વારા ડોકટર માટે અલગથી કાયદો બનાવવામાં આવે, તેમજ હોસ્પિટલને સેફ ઝોનમાં મુકવામાં આવે, જયારે શહેરમાં આવેલા અન્ય ડોકટરના દવાખાના અને કલીનીકો પણ પણ તાળા લટકતા જોવા મળ્યા હતા. ડોકટરની હડલાતથી શહેરની મોટાભાગની લેબોરેટરી પણ બંધ રહેવા પામી હતી. હડતાલને પગલે દર્દીઓની હાલત કફોડી બની જવા પામી હતી. દર્દીઓને એક સ્થળેથી બીજા સ્થળે ધક્કા ખાવાનો વારો આવ્યો હતો.

જયારે ગાંધીનર સિવિલના ડોકટર અને પ્રોફેસરો હડતાલમાં જોડાતા સિવિલની ઓપીડી સદંતર બંધ રહેવા પામી હતી. મેડીકલ કોલેજના પ્રોફેસરો હડતાલમાં જોડાતા તબિબિ વિદ્યાર્થીઓનો એક દિવસીય અભ્યાસથી અળગા રહેવા પામ્યા હતા. ગાંધીનગર સિવિલનો તાત્કાલીક વિભાગ આખો દિવસ ધમધમતો રહ્યો હતો. તાત્કાલીક વિભાગમાં તંત્ર દ્વારા અગાઉથી જ વૈકલ્પિક વ્યવસ્થા કરી હતી. રાઉન્ડ ધ કલોક ડોકટર મુકવામાં આવ્યા હતા.જેમાં અકસ્માત સેવા અને ઈમરજન્સી સેવા શરુ રાખવામાં આવી હતી.

## ગાંધીનગર તાલુકા ઠાકોર સેના દ્વારા સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૧૭ ગાંધીનગર તાલુકા ઠાકોર સેના દ્વારા વર્ષ-૨૦૧૮-૧૯માં ધોરણ-૧૦ અને ૧૨માં જવલંત શૈક્ષણિક સફળતા હાંસલ કરનાર તેજસ્વી બાળકોનો સન્માન સમારોહ કડી સર્વ વિદ્યાલય કોલેજ ગેટ-૧ બ્રહ્માણી કૃપા મેમોરિયલ હોલ સેક્ટર-૨૩ ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ગાંધીનગર જિલ્લાના ઠાકોર સેનાના પ્રમુખ ગોવિંદસિંહ સોલંકી, મુખ્ય મહેમાન પદે બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલા, પ્રદેશ પ્રમુખ જગતસિંહ તેમજ ગાંધીનગર તાલુકાના હોદ્દેદારોની ઉપસ્થિતિમાં બાળકોને પારિતોષિક ટ્રોફી, ઠાકોર સેના પુરસ્કાર એનાયત કરી તેજસ્વી તારલાઓ શૈક્ષણિક ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિના સોપાનો સર કરી સમાજ અને ગામનુ ગૌરવ વધારે તેવી શુભેચ્છાઓ પાઠવી સફળતાને બિરદાવી હતી.






## આંતર રાષ્ટ્રીય હિન્દુ સેના દ્વારા શિક્ષણના વ્યાપારીકરણ અંગે શિક્ષણમંત્રીને આવેદનપત્ર

આજે ગુજરાતમાં મધ્યમ અને ગરીબ વર્ગના નાગરીકો પોતાના બાળકોને યોગ્ય શિક્ષણ આપી શકતા નથી. કારણ કે શિક્ષણનું વ્યાપારીકરણ થઈ ગયું છે અને શાળાઓમાં ફીનું સ્તર ઉંચુ જઈ રહ્યું છે. જેને પગલે આંતર રાષ્ટ્રીય હિન્દુ સેના દ્વારા શિક્ષણના વ્યાપારીકરણ અંગે અમદાવાદના ઠક્કરબાપાનગર થી ગાંધીનગર સુધી રેલી યોજી સચિવાયલ ખાતે શિક્ષણમંત્રીને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરી હતી. જેમાં આંતર રાષ્ટ્રીય હિન્દુ સેનાના પ્રમુખ અમદાવાદ થી ૧૦૦૦ બાઈક, ૧૦૦ કાર અને ૩૦ રીક્ષા સહિત ડી.જે.ના તાલે રેલી કાઢી હજારો નાગરીકો સાથે ગાંધીનગર આવી પહોંચ્યા હતા. ત્યારે માર્ગમાં ઠેરઠેર હિન્દુ સેનાના પ્રમુખ પ્રકાશભાઈનું સ્વાગત કરવામાં આવ્યું હતું. હિન્દુ સેનાના પ્રમુખે શિક્ષણમંત્રીને મળીને શિક્ષણને લગતા ૮ જેટલા પ્રશ્નોનો સત્વરે ઉકેલ આવે તેવી લાગણી અને માંગણી આંતરરાષ્ટ્રીય હિન્દુ સેનાના પ્રમુખે વ્યકત કરી હતી.

# માણસામાં એક ઈંચ તો કલોલમાં પોણો ઈંચ વરસાદ

ગાંધીનગર, તા. ૧૭ ગાંધીનગર જિલ્લામાં આજે દિવસ દરમ્યાન માણસા તાલુકામાં એક ઈંચ તો કલોલમાં પોણો ઈંચ અને દહેગામમમાં ૫ મી.મી. જેટલો વરસાદ નોંધાયો હતો. સાંજના સુમારે આકાશ વાદળછાયુ તેમજ વરસાદ હમણાં તુટી પડશે તેવુ લાગતુ હતુ પરંતુ ગાંધીનગર શહેર કે તાલુકામાં વરસાદ નોંધાયો નથી જયારે અન્ય ત્રણેય તાલુકામાં હળવા વરસાદના આગમનથી ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. વાતાવરણમાં પણ ઠંડક જામેલી જોવા મળી હતી.

સાંજે ૪ થી ૬ના ગાળામાં કલોલ તાલુકામાં બે તબક્કામાં વરસાદી ઝાપટા નોંધાયા હતા જયારે માણસામાં પવન સાથે વરસાદ નોંધાયો હતો. મળતી વિગતો પ્રમાણે કલોલ તાલુકામાં સાંજે છ વાગ્યા સુધીમાં ૧૬ મી.મી. અને માણસામાં ૨૧ મી.મી. વરસાદ નોંધાયો હતો.

દહેગામ તાલુકામાં માત્ર પાંચ મી.મી. જેટલો હળવો વરસાદ નોંધાયો હતો. જિલ્લામાં હજુ ચોમાસુ આવ્યુ નથી પરંતુ વાયુ વાવાઝોડાની અસરને લઈ આ વરસાદ થયો છે. વરસાદ થતાં જિલ્લામાં વાતાવરણ પણ પલ્ટાયુ છે અને ગરમીમાં લોકોને રાહત થઈ છે. જોકે વરસાદ પછી ઉકળાટ વધવા પામ્યો છે. આ વરસાદ પછી ખરીફ સિઝનની વાવણીને પણ થોડેક વેગ મળ્યો છે.




## ઈન્ડીયન મેડીકલ એસોસિએશન દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર

કોલકતામાં ડોકટરને માર મારવાની ઘટના સામે આવી છે. આ ઘટનાના પડઘા સમગ્ર ભારતભરમાં પડ્યા છે. સમગ્ર ભારતભરમાં આઈ.એમ.એ. દ્વારા બંધનું એલાન આપવામાં આવ્યું હતું. ગુજરાત સહિત ગાંધીનગરના ડોકટરો પણ જોડાઈને કામગીરીથી અળગા રહ્યા હતા. ડોકટરો દ્વારા સલામતી અને ન્યાયની માંગ કરી હતી. ત્યારે ગાંધીનગર આઈ.એમ.એ ના પ્રમુખ ડો. અનિલ ચૌહાણે પોતાની ટીમ સાથે જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરી હતી.

# પનઘટ કલા કેન્દ્ર દ્વારા નળકાંઠાની શાળાઓમાં શૈક્ષણિક સામગ્રીનું વિતરણ

ગાંધીનગર, તા.૧૭ પનઘટ કલા કેન્દ્ર ગાંધીનગર દ્વારા અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકના નળકાંઠાના અંતરિયાળ ગામ એવા સાકોદરા ગામની પ્રાથમિક શાળામાં શૈક્ષણિક સાહિત્ય અને રમતગમતની સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું.






પનઘટ કલા કેન્દ્રના પ્રમુખ ભાવિન પટેલ અને તેમની ટીમ દ્વારા ગામડાના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને અભ્યાસમાં શ્રેષ્ઠ શૈક્ષણિક સામગ્રી મળી રહે તે માટે ખાસ આ પ્રકલ્પ ચલાવવામાં આવે છે.

સાકોદરા પ્રાથમિક શાળાના આચાર્ય ઈન્દ્રજીતસિંહ પઢેરિયાએ જણાવ્યું હતું કે 'બાળકોને સરકારશ્રી તરફથી મફત પાઠયપુસ્તકો તો મળે જ છે, પરંતુ લેખન અને અન્ય શૈક્ષણિક સામગ્રી ન હોવાને પરિણામે કેટલાક બાળકો સુવ્યવસ્થિત અભ્યાસ કરી શકતા નથી અથવા અભ્યાસ છોડી દે છે. પનઘટના આ પ્રકલ્પથી ગામડાના વિદ્યાર્થીઓને અભ્યાસ કરવામાં ખૂબ સહાય મળી રહેશે.' શાળાના ધો-૧ થી ૮ના ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓને શૈક્ષણિક સામગ્રી વિતરણના આ કાર્યક્રમમાં ગુજરાત કોલેજના પ્રો. જયેન્દ્રસિંહ જાદવ, અનંતા ઈન્ટરનેશનલ સ્કુલના નિયામક અનિરુધ્ધસિંહ પઢેરિયા, અમદાવાદ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ સરલાબેન મકવાણા, ગામના પૂર્વ સરપંચ ઈશ્વરભાઈ મકવાણા, પનઘટ કલા કેન્દ્રના સંચાલક ભાવિન પટેલના વરદ હસ્તે ૨૦૦૦થી વધુ નોટબુકો, ૧૦૦૦ જેટલી સ્વાધ્યાયપોથી, સ્કેચ પેન, રમત ગમતના સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રકલ્પમાં પનઘટ કલા કેન્દ્રના સભ્યો ડૉ. અન્વિ શાહ, મીતિ ભટ્ટ, હિર શુકલ, નૈસર્ગી જોષી, ધરતી કંદોઈ, કેતા દેસાઈ, પ્રેરણા તિવારી, પ્રાચી રામી, ડૉ. નિધી હુદાની, રીયા હુદાની, ક્રિષ્ના દેસાઈ, ભાવિકા રહેવર, કૃપા અને મિલન પટેલ જોડાયા હતા.

પનઘટ કલા કેન્દ્રના સંચાલક ભાવિન પટેલ સાથે ડૉ. અન્વિ શાહ અને અન્ય કલાકારો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

## કોલેજની પ્રવેશ ફી ભરવા કોટક બેંક પર વિદ્યાર્થીઓ-વાલીઓનો ઘસારો

સરકારી કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયા માટે હવે ઓનલાઈન ફોર્મ ભરીને તેની ફી બેંકમાં જમા કરાવવાની સીસ્ટમ અમલમાં છે. શહેરની સરકારી કોલેજમાં અત્યારે પ્રવેશ પ્રક્રિયા પુરજોશમાં ચાલી રહી છે અને આ કારણે વિદ્યાર્થીઓ-વાલીઓ દ્વારા ફી ભરવા માટે સેક્ટર-૧૬ની કોટક બેંકની શાખા પર સવારથી લાઈનો લગાવવામાં આવી રહી છે. એક તો તમામ કોલેજની અલગ-અલગ વિદ્યાશાખામાં પ્રવેશ



માટેની ફી ભરવા એક માત્ર કોટક બેંકને જ સત્તા આપવામાં આવી હોવાથી વિદ્યાર્થીઓ-વાલીઓનો ઘસારો ત્યાં રહે તે સ્વાભાવિક છે પરંતુ બેંક દ્વારા પણ આ ઘસારા સામે માત્ર એક જ કાઉન્ટર રાખ્યુ હોવાથી સવારથી લાઈનમાં ઉભા રહેલા વિદ્યાર્થી કે વાલીનો નંબર છેક બપોરે ૩ કે ૪ વાગે આવે તેવી સ્થિતિ સર્જાવા પામી છે. આ કારણે વિદ્યાર્થીઓ-વાલીઓની પરેશાનીનો પાર નથી અને પોતાનો નંબર જતો ના રહે તે માટે ખાવા-પીવા કે અન્ય કુદરતી ક્રિયા માટે પણ તેઓ લાઈન છોડીને જઈ શકતા નથી. વળી, બેંક દ્વારા પુરૂષ હોય કે મહિલા દરેક માટે એક લાઈન રાખવામાં આવતી હોવાથી લાઈનો છેક બેંકની બહાર પહોંચી જવા પામી રહી છે.

## ગાંધીનગર તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લિ. ગાંધીનગરના હોદ્દેદારો ચૂંટાયા

ગાંધીનગર તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘની બોર્ડ ઓફ ડીરેક્ટર્સની પાંચ વર્ષ માટે ચૂંટણી મામલતદાર અધિકારીશ્રી, ગાંધીનગર દ્વારા યોજવામાં આવી હતી. જેમાં હોદ્દેદારોની તાજેતરમાં ચૂંટણી યોજવામાં આવી હતી. જેમાં સુરેશભાઈ વિનુભાઈ પટેલ-અડાલજની ચેરમેન તરીકે બીન હરીફ ચૂંટાઈ આવ્યા હતા. ત્યારબાદ વાઈસ ચેરમેન તરીકે નિરંજનકુમાર એમ. બિહોલા-પાલજ, માનદમંત્રી તરીકે જીતેન્દ્રકુમાર એમ. પટેલ - સરઢવ સર્વાનુમતે ચૂંટાઈ આવ્યા હતા. જ્યારે બોર્ડ ઓફ ડીરેક્ટર્સમાં મહેન્દ્રભાઈ જે. પટેલ, રમણભાઈ બી. પટેલ, રણછોડભાઈ ટી. પટેલ, પોપટભાઈ એન. પટેલ, દશરથભાઈ બી. પટેલ, અરવિંદસિંહ જે. વાઘેલા, લાલુસિંહ પી. રાઠોડ, મણીભાઈ એચ. પટેલ, જયમિનભાઈ જે. પટેલ, હરજીભાઈ એમ. રબારી, લલિતભાઈ જી. પટેલ, લલિતભાઈ જે. પટેલ, શ્રીમતી ભારતીબેન પી. પટેલ, જયંતિભાઈ એમ. પટેલ તથા બેંક પ્રતિનિધિ લાલભાઈ જી. પટેલ બોર્ડ ઓફ ડીરેક્ટર તરીકે ચૂંટાઈ આવ્યા છે.


### વોટર એન્ડ સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન (WASMO)

**જાહેર નિવિદા નં. ૯ સને ૨૦૧૯-૨૦ (બીજો પ્રયત્ન)**

યુનિટ મેનેજરશ્રી, જિલ્લા જળ અને સ્વચ્છતા એકમ બીજો માળ, આદર્શ હાઈસ્કૂલની પાછળ, ડેરી રોડ, પાલનપુર દ્વારા જુદી-જુદી જળ અને સ્વચ્છતા સમિતિ વતી ઓગમેન્ટેશન ઓફ ટેપ કનેક્ટીવીટી ઈન જનરલ એન્ડ ટ્રાયબલ યોજના હેઠળ નીચે મુજબના કામો માટેના ભાવો માન્ય કોન્ટ્રાક્ટરો પાસેથી માંગવામાં આવે છે. કામની કુલ અંદાજીત રકમ કામની સામે દર્શાવેલ છે. કોરા ટેન્ડરો જળ અને સ્વચ્છતા સમિતિ પાસેથી તા. ૨૪/૬/૨૦૧૯ સુધીમાં જરૂર ટેન્ડર ફી, એફ.ડી.આર., રજીસ્ટ્રેશન નકલ, રાષ્ટ્રીયકૃત બેંકનું સોલવંશી પ્રમાણપત્ર આપવાથી ઈસ્યુ કરવામાં આવશે અને ભાવ ભરી રજી.પો.એ.ડી.થી તા. ૧/૭/૨૦૧૯ સુધીમાં જળ અને સ્વચ્છતા સમિતિને પરત મોકલવાના રહેશે અને GSTના નિયમો લાગુ પડશે. કરેલ કામગીરીનું ૯૦% ચુકવણી પાણી સમિતિ દ્વારા કરવામાં આવશે. બાકી રહેલી ૧૦% રકમનું યોજના ચાલુ કર્યા બાદ ચુકવણું કરવામાં આવશે. કોઈપણ જાતનું કારણ આપ્યા વગર આવેલ ભાવો પૈકી કોઈપણ ટેન્ડર મંજુર કરવા કે બધા જ ટેન્ડર રદ કરવાનો અબાધિત અધિકાર ગ્રામ્ય પાણી સમિતિના અધ્યક્ષશ્રીનો રહેશે.

માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com

**ગ્રામ વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો હેલ્પલાઈન નંબર ૧૯૧૬ ઉપર જનતાને સંપર્ક કરવા અનુરોધ છે.**

| અ.નં. | કામનું નામ | ૧) અંદાજીત રકમ<br>૨) ટેન્ડર ફી રૂ.<br>૩) શ્રેણી |
|---|---|---|
| ૧ | જાકોલ તાલુકો : લાખણી મુકામે યોજના હેઠળ પાઈપલાઈનનું કામ | ૧) રૂ. ૪,૯૪,૨૭૪.૦૦<br>૨) રૂ. ૬૦૦.૦૦<br>૩) ઈ-૨ ક્લાસ તથા ઉપર |
| ૨ | વાસણા કુડા તાલુકોઃલાખણી મુકામે યોજના બેઠળ પાઈપલાઈનનું કામ | ૧) રૂ. ૪,૮૬,૭૭૭.૦૦<br>૨) રૂ. ૬૦૦.૦૦<br>૩) ઈ-૨ ક્લાસ તથા ઉપર |
| ૩ | કુંવાણા તાલુકોઃલાખણી મુકામે યોજના હેઠળ પાઈપલાઈનનું કામ | ૧) રૂ. ૪,૯૯,૭૫૪.૦૦<br>૨) રૂ. ૬૦૦.૦૦<br>૩) ઈ-૨ ક્લાસ તથા ઉપર |
| ૪ | અછવાડીયા તાલુકોઃલાખણી મુકામે યોજના હેઠળ પાઈપલાઈનનું કામ | ૧) રૂ. ૪,૭૭,૩૦૯.૦૦<br>૨) રૂ. ૬૦૦.૦૦<br>૩) ઈ-૨ ક્લાસ તથા ઉપર |
| ૫ | ઈન્દરવા જુના તાલુકોઃભાભર મુકામે યોજના હેઠળ પાઈપલાઈનનું અને અવેડાનું કામ | ૧) રૂ. ૨,૮૩,૬૬૧.૦૦<br>૨) રૂ. ૬૦૦.૦૦<br>૩) ઈ-૨ ક્લાસ તથા ઉપર |

નં.નામાનિ/પાલન/૯૦/૨૦૧૯-૨૦


# બે દિવસમાં ગાંધીનગરમાં સારા વરસાદની શક્યતા

## જો કે નિયમિત ચોમાસુ તા. ૨૫ જુન પછી બેસશે : ૨૦ થી ૨૫ જુન દરમિયાન ઉકળાટમાં વધારો થશે : અંબાલાલ પટેલ

ગાંધીનગર, તા. ૧૭ ગાંધીનગરમાં એક બે છુટા છવાયાં વરસાદી ઝાપટાં થયા છે પરંતુ હજુ પણ વિધિવત રીતે ચોમાસાનો પ્રારંભ થયો હોય તેવો નાગરિકોને અહેસાસ થતો નથી. આ સંજોગોમાં પાટનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબાલાલ પટેલે તા. ૧૮ અને ૧૯ દરમ્યાન વરસાદી રમઝટની આગાહી કરવા સાથે તા. ૨૫મી જુનથી નિયમિત ચોમાસાનો પ્રારંભ થશે તેવી આગાહી કરી છે.

હવામાનશાસ્ત્રી અંબાલાલ પટેલના મતે ચોમાસુ મોડુ પડવાની ધાસ્તીએ ખેડૂત ભાઈઓ ચિંતામાં મુકાયા છે પરંતુ ચોમાસુ વાયુ વાવાઝોડાની અસર ઓછી થતાં પુનઃ ગરમી પકડતાં ચોમાસાની ગતિવીધી જણાશે. આવતીકાલ સુધીમાં હવાની સાથે દિલ્હી વગેરે ઉત્તરીય ભાગોમાં તેજ હવાની સાથે આંધી આવે. ગાજવીજ સાથે કેટલાક ભાગોમાં વરસાદ થાય, મહત્તમ ઉષ્ણાતામાન ૪૩ ડિગ્રી આસપાસ રહેવાની સંભાવના રહે. ઉત્તરમાં થતી આ ક્રિયા દેશની મોસમને પ્રભાવીત કરે આથી દક્ષિણ-પશ્ચિમ મોનસુન જોર પકડે. આ ક્રિયા જરૂરી છે. રાજ્યમાં આજે તા. ૧૭ રાત્રીના ૧૧ વાગેની આસપાસ સમુદ્રની ગતિવિધિ ચોમાસુ સુચક રહે. તેજ ગતિનો પવન ગુજરાતમાં ચોમાસુ પ્રવાહને ઉભા કરે. મુંબઈમાં પણ આ ગાળામાં દરીયાઈ ગતિવિધિ ચોમાસુ સુચક રહે. મુંબઈમાં જુન તા. ૨૨ થી ૨૫ના દિવસોમાં દક્ષિણ-પશ્ચિમ મોનસુન સક્રિય થાય આ અરસામાં મુંબઈના ભાગોમાં ભારે વરસાદની સંભાવના રહે. વળી બંગાળના ઉપસાગરમાં પણ ૨૦ જુન આસપાસ હવાનુ દબાણ સર્જાય તે તા. ૨૫ જુન સુધીમાં ચોમાસુ વહન ઉભુ કરતા ગુજરાતના ભાગોમાં પણ સારા ચોમાસાની સંભાવના રહે. ગુજરાતમાં ૨૦ જુન પછી અકળાવનારો તાપ પડે જે મહત્તમ ઉષ્ણાતામાન વધવાની સંભાવના રહે. આથી ધીરે ધીરે ચોમાસુ ભેજ વધે. વાયુ વાવાઝોડાની પાછલી અસરો તેમજ કંઈક અંશે મોન્સુન વરસાદની ગતિવિધિ જોતાં હાલમાં રાજયના ભાગોમાં વરસાદ પડી રહેલ છે. તા. ૧૮ અને તા. ૧૯માં વરસાદ ઉત્તર ગુજરાતના ભાગો, સાબરકાંઠા-અરવલ્લીના ભાગોમાં ભારે વરસાદ પડે. બનાસકાંઠાના ભાગોમાં પણ વરસાદ પડે. પાલનપુરથી અમદાવાદ સુધીના ભાગોમાં વરસાદની શક્યતા રહે. કચ્છમાં કેટલાક ભાગોમાં વધુ વરસાદ પડે. પાટણ સમીયાળી, ઊંઝા, મહેસાણા, કડી, વિરમગામના કેટલાક ભાગો, સુરેન્દ્રનગરના કેટલાક ભાગો, ગાંધીનગર અમદાવાદના કેટલાક ભાગોમાં વરસાદ પડે. કોઈ કોઈ ભાગોમાં બે ઈંચ જેટલો કે ક્યાંક વધુ વરસાદની શક્યતા આ અરસામાં ગુજરાતના ઘણા ભાગોમાં વરસાદ થાય. મુંબઈ મહારાષ્ટ્રમાં વરસાદ થાય.

નિયમિત ચોમાસા અંગે જોઈએ તો દક્ષિણ ગુજરાતમાં ૨૬ જુન આસપાસ વરસાદ આવવાની શક્યતા રહે. જ્યારે ગુજરાતના અન્ય ભાગોમાં જુલાઈના પ્રથમ સપ્તાહમાં વરસાદ આવી શકે. વરસાદમાં રહી ગયેલા ભાગોમાં જુલાઈના બીજા સપ્તાહમાં વરસાદની શક્યતા રહે. હાલમાં પડી રહેલા વરસાદથી વાવેતર કરેલ ઉભા કૃષિ પાકોમાં રોગ જીવાતનો સંભવ રહે. ટુંકમાં માત્ર આ અનુમાન છે. આગાહી ગ્રહો તેમજ અન્ય આધારે કરેલ છે.